**[૨૦]**

**પ્ર. ૧ (અ) સામાયિક પ્રતિક્રમણના આધારે.... (૧૦)**

**(૧) નીચેનાની પાઠપૂર્તિ કરો. (૪)**

૧. સઈચ્છાએ **કાયાએ જઈને પાંચ આશ્રવ** સેવવાના

૨. સત્થ **મુસલાદિક સાવજ્જ જોગના પચ્ચક્ખાણ જાવ અહોરત્તં** પજ્જુવાસામિ

**(૨) નીચેનામાં કયા અતિચાર આવે? (૨×૩)**

| | જવાબ |
|---|---|
| ૧. ગધેડા પર બેની જગ્યાએ ચાર ગુણી મૂકી હોય. | **અઈભારે** |
| ૨. અષાઢ સુદ બીજે રાત્રિના પહેલા પહોરે સ્વાધ્યાય કર્યો હોય. | **અકાલે કઓ સજ્ઝાઓ** |
| ૩. કોઈને ગિફ્ટમાં ચપ્પુ આપ્યું હોય. | **સંજુત્તાહિગરણે** |
| ૪. ચોર બજારમાંથી ફ્લાવર પોટ લીધો હોય. | **તેનાહડે** |

**(૩) નીચેના શબ્દોના અર્થ લખો.**

| | જવાબ |
|---|---|
| ૧. તિત્થયરે | **તીર્થની સ્થાપના કરનારા** |
| ૨. તિત્થયરાણં | **ચતુર્વિધ સંઘની સ્થાપના કરનાર** |
| ૩. આમોસે | **વગર પૂંજ્યે શરીર ખંજવાળવાથી** |
| ૪. વિલેવણ વિહિં | **સુખડ, અત્તર, તેલ આદિ વિલેપન કરવાની વસ્તુની મર્યાદા** |

**(૪) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો.**

૧. ત્રણ કરણ – **તિવિહં** ૨. જમીન સાથે મસળ્યા હોય – **લેસિયા**

૩. ઓળંગીને જવા વડે – **સંઘટ્ટણાએ** ૪. ઊલ્ટીમાં ઉપજે તે – **વંતેસુ વા**

**(આ) બીજા કર્મગ્રંથના આધારે જવાબ લખો. (૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૬)**

૧. ૧૫૮ પ્રકૃતિમાં કેટલી અને કઈ પ્રકૃતિ વધી? સત્તા એટલે શું? સત્તામાં શેનો સમાવેશ થાય છે? બીજા ગુણસ્થાને કેટલી પ્રકૃતિની સત્તા? શા માટે? અચરમ ક્ષાયિક સમકિતને કેટલી પ્રકૃતિની સત્તા હોય? કયા કર્મની કેટલી પ્રકૃતિ?

**જ. ૧૫૮ માં દશ પ્રકૃતિ વધી. ઔદારિક તૈજસ બંધન, ઔદારિક કાર્મણ બંધન, ઔદારિક તૈજસ–કાર્મણ બંધન, વૈક્રિય તૈજસ બંધન, વૈક્રિય કાર્મણ બંધન, વૈક્રિય તૈજસ–કાર્મણ બંધન, આહારક તૈજસ બંધન, આહારક કાર્મણ બંધન, આહારક તૈજસ–કાર્મણ બંધન, તૈજસ–કાર્મણ બંધન. સત્તામાં અબાધાકાળ અને નિષેકકાળ નો સમાવેશ થાય છે. બીજા ગુણસ્થાને ૧૪૭ ની સત્તા કારણ કે જિનનામ સ્વભાવથી જ ન હોય. અચરમ ક્ષાયિક સમકિતીને ૧૪૧ ની સત્તા. જ્ઞાનાવરણીય–૫, દર્શનાવરણીય–૯, વેદનીય–૨, મોહનીય–૨૧, આયુષ્ય–૪, નામ–૯૩, ગોત્ર–૨, અંતરાય–૫.**

**(૨) નીચેની પ્રકૃતિનીસત્તા ક્યાં સુધી? સત્તા વિચ્છેદ ક્યારે? (૪)**

૧. દેવાનુપૂર્વી ૨. સંજવલન માયા ૩. ઉચ્ચ ગોત્ર ૪. નિદ્રા નિદ્રા

| | સત્તા | સત્તા વિચ્છેદ |
|---|---|---|
| ૧. દેવાનુપૂર્વી | **૧ થી ૧૪ મા ગુણ.ના દ્વિચરમ સમય સુધી** | **૧૪ મા ગુણ.ના દ્વિચરમ સમયના છેડે** |
| ૨. સંજવલન માયા | **૧ થી ૯ મા ગુણસ્થાન નવમા ભાગ સુધી** | **૯ મા ગુણસ્થાનના છેડે** |
| ૩. ઉચ્ચ ગોત્ર | **૧ થી ૧૪ મા ગુણ.ના ચરમ સમય સુધી** | **૧૪ મા ગુણસ્થાનના છેડે** |
| ૪. નિદ્રા નિદ્રા | **૧ થી ૯ મા ગુણસ્થાન પહેલા ભાગ સુધી** | **૯ મા ગુણસ્થાનના પહેલા ભાગને છેડે** |

(૫)

**પ્ર. ૨ સૂયગડાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. નારકી કોને કહેવાય? નરકાવાસ કોને કહેવાય? પરમાધામીની સ્થિતિ કેટલી છે? નરકમાં દેવકૃત વેદના વધારે કે પરસ્પરકૃત? શા માટે? મનુષ્યગતિમાં શેનું દુ:ખ છે? નરક વિભક્તિમાં શેનું વર્ણન છે? શાસ્ત્રકારો શું આપે છે?

**જ. નરકમાં રહેવાવાળા જીવોને નારકી કહેવાય છે. નારકીને રહેવાના સ્થાનોને નરકાવાસ કહેવાય છે. પરમાધામીની સ્થિતિ ૧ પલ્યોપમની છે. નરકમાં પરસ્પરકૃત વેદના વધારે કારણ કે દેવકૃત વેદના ૩ નરક સુધી હોય છે, જ્યારે પરમાધામી દેવો આવે ત્યારે થાય, પરંતુ પરસ્પરકૃત વેદના ૭ નરક સુધી જન્મથી મૃત્યુ સુધી હોય છે. મનુષ્ય ગતિમાં સંયોગ–વિયોગ–આધિ–વ્યાધિ–ઉપાધિ આદિ અનેક દુ:ખ છે. નરક વિભક્તિમાં જીવને દુષ્કર્મના ફળ ભોગવવાના સ્થાનરૂપ નરક અને તેમાં ભોગવવા પડતા ભયંકર દુ:ખોનું હૃદયદ્રાવક વર્ણન છે. નરકના આવા દુ:ખોનું વર્ણન કરીને શાસ્ત્રકારોએ તે દુ:ખોથી દૂર રહેવા માટે પ્રેરણા આપી છે.**

(૧૦)

**પ્ર. ૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. વર્ષધર પર્વત કેટલા છે? કયા કયા?

**જ. વર્ષધર પર્વત છ છે–૧) ચુલહિમવંત ૨) મહાહિમવંત ૩) નિષધ ૪) નીલવંત ૫) રુક્મિ ૬) શિખરી.**

૨. ઉચ્ચાર પ્રતિક્રમણ અને અનુલોમ પ્રશ્ન એટલે શું?

**જ. ઉચ્ચાર પ્રતિક્રમણ–મળ વિસર્જન પછી પાછા આવી ઈરિયાવહિયા સૂત્રથી થતું પ્રતિક્રમણ. અનુલોમ પ્રશ્ન–શુભ ભાવથી, કુશળ સમાચાર માટે પૂછાતા પ્રશ્નો.**

૩. ....... વ્યવહારમાં વર્ષાનો પ્રારંભ ....... થી થાય છે. ....... અને ....... ને ગ્રીષ્મ ઋતુ કહે છે.

**જ. લૌકિક  શ્રાવણ, જેઠ, અષાઢ.**

૪. લોકસ્થિતિનું કથન શેની અપેક્ષાએ છે? પહેલી ચાર લોકસ્થિતિ કઈ છે?

**જ. લોકસ્થિતિનું કથન આધેય અને આધારની અપેક્ષાએ છે. ૧) આકાશ પ્રતિષ્ઠિત વાયુ, ૨) વાયુ પ્રતિષ્ઠિત પાણી, ૩) પાણી પ્રતિષ્ઠિત પૃથ્વી, ૪) પૃથ્વી પ્રતિષ્ઠિત ત્રસ–સ્થાવર જીવો.**

૫. સાધક ક્યારે આહાર કરે અને ક્યારે આહાર ન કરે?

**જ. સાધુ શરીર આદિની પુષ્ટિ માટે આહાર કરતા નથી, પરંતુ જ્યારે આહાર કરવાના છ કારણ ઉપસ્થિત થાય ત્યારે આહાર ગ્રહણ કરે છે અને કારણ વિશેષ ઉપસ્થિત થાય ત્યારે આહારનો ત્યાગ પણ કરી દે છે.**

(૧૦)

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. પુંડરીકિણીના રાજા કોણ હતા? તેમના રાણી–દીકરાના નામ લખો. રાજાએ દીક્ષા લઈને કેટલું અધ્યયન કર્યું? ક્યાં ગયા?

**જ. રાજા–મહાપદ્મ, રાણી–પદ્માવતી, દીકરા–પુંડરિક, કંડરિક. રાજાએ દીક્ષા લઈને ૧૪ પૂર્વનું અધ્યયન કર્યું. અષ્ટ કર્મોનો નાશ કરીને સિદ્ધપદ પ્રાપ્ત કર્યું.**

૨. કંડરિકે પુંડરિકના ભવનમાં આવી શું કર્યું? ધાવ માતાએ પુંડરિકને શું કીધું?

**જ. કંડરિક પુંડરિકના ભવનમાં અશોકવૃક્ષની નીચે પૃથ્વી શિલાપટ્ટકનીચે બેસી, ઉદાસ થઈ આર્ત્તધ્યાન કરવા લાગ્યા. ધાવમાતાએ કહ્યું, હે દેવાનુપ્રિય ! આપના પ્રિય ભાઈ કંડરિક અણગાર અશોકવાટિકામાં વૃક્ષ નીચે ઉદાસ અવસ્થામાં બેઠા છે.**

૩. બંને ભાઈઓને અંત સમયે સમાન વેદના હોવા છતાં એક નરકમાં અને એક દેવમાં કેમ ગયા?

**જ. બંને ભાઈઓને અંત સમયે સમાન વેદના હોવા છતાં પણ બંનેના કારણમાં અને પરિણામમાં તફાવત હતો. એકે એ વેદનામાં આર્ત્ત અને રૌદ્રધ્યાન ધર્યું અને બીજાએ ધર્મધ્યાન ધર્યું.**

૪. કંડરિકે ઉપદેશ સાંભળી પુંડરિકને શું કહ્યું? પુંડરિકે શું કહ્યું?

**જ. કંડરિકે ઉપદેશ સાંભળી પુંડરિકને કહ્યું, હે દેવાનુપ્રિયે ! મેં મુનિ પાસેથી ધર્મ સાંભળ્યો છે. મને તે રૂચ્યો છે, તેથી હું પ્રવ્રજ્યા અંગીકાર કરવા ઈચ્છું છું. પુંડરિકે કહ્યું, હે ભાઈ ! તમે મુંડિત થઈને દીક્ષા ગ્રહણ ન કરો. હું તમારો મહાન રાજ્યાભિષેક કરવા ઈચ્છું છું.**

૫. કોણ બોલે છે? કોને કહે છે? ૧) આપને શું ભોગથી પ્રયોજન છે? – **પુંડરિક કંડરિકને કહે છે.**

૨) પછી જ આહાર વાપરીશ. – **પુંડરિક મનમાં વિચારે છે.**

**અથવા**

**પ્ર. ૪ પુષ્પિકા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. બહુપુત્રિકા દેવી ક્યાં હતી? તેનો પરિવાર કેટલો હતો? તેમણે અવધિજ્ઞાનમાં શું જોયું?

**જ. સૌધર્મ કલ્પના બહુપુત્રિકા વિમાનની સુધર્મ સભામાં બહુપુત્રિકા દેવી હતી. તેના પરિવારમાં ચાર હજાર સામાનિક દેવીઓ અને ચાર હજાર મહત્તરિકા દેવીઓ હતી. તેમણે અવધિજ્ઞાનમાં સંપૂર્ણ જંબૂદ્વીપ અને રાજગૃહમાં પધારેલા ભગવાન મહાવીરને જોયા.**

૨. સુભદ્રાના પતિનું નામ શું હતું? તે શા માટે આર્તધ્યાન કરતી હતી?

**જ. સુભદ્રાના પતિનું નામ ભદ્ર સાર્થવાહ હતું. સુભદ્રા વંધ્યા હતી. તેણીએ એકપણ સંતાનને જન્મ આપ્યો નહોતો, તેથી તે પુણ્યહીન અને ભાગ્યહીન માનતી હતી અને નિરુત્સાહી બની આર્તધ્યાન કરતી હતી.**

૩. સોમા શા માટે પોતાના આત્માને ભાવિત કરશે?

**જ. સોમા સુવ્રતા આર્યા પાસે ૧૨ પ્રકારના શ્રાવક ધર્મનો સ્વીકાર કરશે અને શીલવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રત, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસથી આત્માને ભાવિત કરતી રહેશે. સોમા આર્યા સુવ્રતા આર્યા પાસે સામાયિક આદિ ૧૧ અંગોનો અભ્યાસ કરશે. ઘણા ઉપવાસ આદિ તપસ્યા કરી આત્માને ભાવિત કરશે.**

૪. સંસારી જીવો શા માટે દુ:ખી થાય છે?

**જ. સંસારી જીવો અપ્રાપ્ત વસ્તુઓની ને સંયોગોની ઈચ્છા કરીને દુ:ખી થાય છે. વસ્તુની પ્રાપ્તિ પુણ્યને આધીન છે ને સુખની પ્રાપ્તિ વ્યક્તિની સમજણને આધીન છે, પરંતુ વ્યક્તિ આ વાસ્તવિક્તાને સમજી કે સ્વીકારી શક્તી નથી અને દુ:ખી થાય છે.**

૫. કોણ બોલે છે? કોને કહે છે?

૧) શ્રાવકધર્મ અંગીકાર કરવા ઈચ્છુ છું. – **સુભદ્રા સાધ્વીજીઓને કહે છે.**

૨) હું તમારી પાસે ધર્મ સાંભળવા માંગું છું. – **સોમા આર્યાજીઓને કહે છે.**

(૫)

**પ્ર. ૫ અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ખાબોચિયું જોઇને અતિમુક્ત મુનિએ શું કર્યું? (૨)

**જ. અતિમુક્ત મુનિએ એક નાનું ખાબોચિયું જોયું અને જોતાની સાથે પોતાની બચપણની ઘટનાનું સ્મરણ થઈ આવ્યું. તેઓએ ખાબોચિયાની ભીની માટીની પાળ બાંધી અને પોતાના પાત્રને પાણીમાં મૂક્યું અને આ મારી નાવ તરે, નાવ તરે. એમ કહી પાત્રને પાણીમાં તરાવતા ક્રીડા કરવા લાગ્યા.**

૨. મહાવીર સ્વામી કયા નગરના કયા ઉદ્યાનમાં પધાર્યા? (૧×૩)

**જ. મહાવીર સ્વામી પોલાસપુર નગરના શ્રીવન ઉદ્યાનમાં પધાર્યા.**

૩. દેશના સાંભળી અતિમુક્ત કુમારે ભગવાનને શું કહ્યું?

**જ. હે ભંતે ! હું મારા માતા–પિતાની આજ્ઞા લઈ આપ પાસે દીક્ષા ગ્રહણ કરવા ઈચ્છું છું.**

૪. પુરુષાર્થ શા માટે વધારતા રહેવું જોઇએ?

**જ. યોગ્યતા અને અવસર અનુસાર જીવન સુધારવામાં ધર્માચરણમાં અને ભવિષ્યને કલ્યાણમય બનાવવા માટે પુરુષાર્થ વધારવો જોઇએ.**

(૫)

**પ્ર. ૬ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. કર્મચારીએ રાખેલા છટકામાં કોણ કેવી રીતે બંધાઈ ગયા? (૨)

**જ. જે ઘોડાઓ બધી વસ્તુમાં આસક્ત થઈ ગયા, ગૃદ્ધ અને મૂર્ચ્છિત થઈ ગયા, તેમનું સેવન કરવામાં પ્રવૃત્ત થઈ ગયા. ઉત્કૃષ્ટ શબ્દ, રૂપ, ગંધ, રસનું સેવન, સ્પર્શ કરનાર તે અશ્વો કર્મચારી પુરુષો દ્વારા ગોઠવાયેલા છટકામાં રહસ્યમયી જાળમાં, બંધનમાં ડોકથી અને પગથી બંધાઈ ગયા.**

૨. નૌકા વણિકો કયા દ્વીપ પર ગયા? ત્યાં શેની ખાણ જોઈ? (૧×૩)

**જ. નૌકા વણિકો કાલિક દ્વીપ પર ગયા. ત્યાં ચાંદીની, સોનાની, રત્નોની, હીરાની ખાણ જોઈ.**

૩. શ્રોત્રેન્દ્રિયને સુખપ્રદ વસ્તુના નામ જણાવો.

**જ. શ્રોત્રેન્દ્રિયને સુખપ્રદ વસ્તુના નામ–ભંભાઓ, વીણાઓ વગેરે.**

૪. કર્મરૂપી રાજાને કોણ વશીભૂત થાય છે?

**જ. જે જીવો ધર્મથી ભ્રષ્ટ થાય છે અને અધર્મને પ્રાપ્ત થાય છે, તે કર્મરૂપી રાજાને વશીભૂત થાય છે.**

(૧૫)

**પ્ર. ૭ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. મિહિલાએ **ચેઈએ વચ્છે, સીયચ્છાએ મણોરમે ।**
**પત્તપુપ્ફફલોવેએ, બહૂણં બહુગુણે** સયા ।।

**અર્થ : મિથિલા નગરી રૂપી ઉદ્યાનમાં એક સુંદર વૃક્ષ હતું; જે અતિ રમ્ય, પત્ર, પુષ્પ તથા ફળોથી યુક્ત અને સહુને શીતળ છાયા આપનારું તથા અનેક પક્ષીઓને આશ્રય દેનારું, બહુ ઉપકારી હતું**

૨. એવં **અભિત્થુણંતો, રાયરિસિં ઉત્તમાએ સિદ્ધાએ ।**
**પયાહિણં કરેન્તો, પુણો પુણો વંદઈ** સક્કો ।।

**અર્થ : આ પ્રમાણે ઉત્તમ શ્રદ્ધાપૂર્વક નમિ રાજર્ષિની સ્તુતિ અને પ્રદક્ષિણા કરતા દેવેન્દ્ર શક્રે વારંવાર વંદન કર્યા.**

૩. જઈત્તા **વિઉલે જન્ને, ભોઈત્તા સમણમહાણે ।**
**દત્તા ભોચ્ચા ય જિટ્ઠા ય, તઓ ગચ્છસિ** ખત્તિયા ।।

**અર્થ : હે ક્ષત્રિય ! તમે પહેલા બ્રાહ્મણો દ્વારા મોટા યજ્ઞો કરાવીને, શ્રમણો અને બ્રાહ્મણોને ભોજન કરાવીને, બ્રાહ્મણાદિને ગાયો, ભૂમિ, સુવર્ણ વગેરે પદાર્થોનું દાન આપીને,મનોજ્ઞ શબ્દાદિ, વિષયસુખોને ભોગવીને તથા સ્વયં યજ્ઞ કરીને પછી દીક્ષા અંગીકાર કરજો.**

૪. તવ **નારાય જુત્તેણ, ભિત્તૂણ કમ્મકંચુયં ।**
**મુણી વિગયસંગામો, ભવાઓ** પરિમુચ્ચએ ।।

**અર્થ : તપરૂપી બાણોથી યુક્ત પૂર્વોક્ત ધનુષ્યથી કર્મરૂપી કવચને ભેદીને અતર યુદ્ધમાં જેણે વિજય પ્રાપ્ત કર્યો છે, એવા મુનિ બાહ્ય સંગ્રામથી દૂર થઈને અથવા કર્મ સંગ્રામથી મુક્ત થઈને ભવભ્રમણથી છૂટી જાય છે.**

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૩)**

૧. શાશ્વત સુખો કેવી રીતે પ્રાપ્ત કરી શકાય છે?

**જ. વિષય–કષાયમાં પ્રવૃત્ત આત્માને જ્ઞાનાત્મા દ્વારા જીતવાથી શાશ્વત સુખોને પ્રાપ્ત કરી શકાય છે.**

૨. નમિ રાજા કયા દેશના રાજા હતા? તેમની રાજધાનીનું નામ શું હતું?

**જ. નમિ રાજા વિદેહ દેશના રાજા હતા. તેમની રાજધાનીનું નામ મિથિલા નગરી હતું.**

૩. પૂર્વજન્મનું સ્મરણ કરી શેમાં જાગૃત બન્યા?

**જ. પૂર્વજન્મનું સ્મરણ કરીને સર્વોત્તમ એવા ચારિત્રધર્મમાં સ્વયં જાગૃત થયા.**

(૧૦)

**પ્ર. ૮ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. લવણ સમુદ્રમાં કયો દ્વીપ છે? તેની પરિધિ કેટલી છે?

**જ. લવણ સમુદ્રમાં ગૌતમ દ્વીપ છે. તેની પરિધિ ૩૭૯૪૮ યોજન ઝાઝેરી છે.**

૨. ૫ લાખ યોજનનું અંતર કોનું છે?

**જ. ૫ લાખ યોજનનું અંતર લવણ સમુદ્રનું છે.**

૩. કયા સમુદ્રના પાણીનો સ્વાદ મદિરા અને ઘી જેવો છે?

**જ. વારુણી સમુદ્રના પાણીનો સ્વાદ મદિરા અને ઘૃત સમુદ્રનો સ્વાદ ઘી જેવો છે.**

૪. નાના કળશાના મુખ અને ઠીકરીનું માપ શું છે?

**જ. નાના કળશાના મુખ ૧૦૦ યોજન અને ઠીકરીનું માપ ૧૦ યોજન છે.**

૫. અશ્વસ્કંધ અને વલભીવટ એટલે શું?

**જ. અશ્વસ્કંધ એટલે ઘોડાની કાંધ અને વલભીવટ એટલે વડવૃક્ષના ચારે તરફની થયેલી પાળ.**

૬. લવણ સમુદ્રને કુલ કેટલી નદી આવીને મળે છે?

**જ. લવણ સમુદ્રને ૧૪૫૬૦૯૦ જંબૂદ્વીપ તરફથી અને ૧૪૫૬૦૯૦ ધાતકીખંડ તરફથી આવીને મળે છે.**

૭. પુષ્કર દ્વીપ અને ઘૃત સમુદ્ર કેટલા યોજનનો છે?

**જ. પુષ્કર દ્વીપ ૧૬ લાખ યોજનનો અને ઘૃત સમુદ્ર ૨૦૪૮ યોજનનો છે.**

૮. જગતી કોને છે અને કોને નથી?

**જ. જગતી માત્ર જંબૂદ્વીપને છે અને બાકીના દ્વીપ-સમુદ્રને જગતી નથી.**

૯. સુસ્થિત દેવ કોના અધિપતિ છે? તેની સ્થિતિ કેટલી?

**જ. સુસ્થિત દેવ લવણ સમુદ્રના અધિપતિ છે. તેની સ્થિતિ ૧ પલ્યોપમની છે.**

૧૦. ધાતકી ખંડ અને વારુણી સમુદ્રની પરિધિ કેટલી?

**જ. ધાતકીખંડની પરિધિ ૩૯ લાખ યોજન ઝાઝેરી ને વારુણી સમુદ્રની પરિધિ ૭૭૧ લાખ યોજન ઝાઝેરી છે.**

(૧૦)

**પ્ર. ૯ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ઉત્કૃષ્ટ ઉપયોગકાળનો અલ્પબહુત્વ લખો.

**જ. સર્વથી થોડો ચક્ષુઈન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગકાળ, તેથી શ્રોત્રેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગકાળ વિશેષાધિક, તેથી ઘ્રાણેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગકાળ વિશેષાધિક, તેથી રસનેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગકાળ વિશેષાધિક, તેથી સ્પર્શનેન્દ્રિયનો ઉત્કૃષ્ટ ઉપયોગકાળ વિશેષાધિક.**

૨. બાહુલ્ય અને પૃથુત્વ એટલે શું? વિકલેન્દ્રિયનું પૃથુત્વ લખો.

**જ. બાહુલ્ય એટલે જાડાપણું અને પૃથુત્વ એટલે લાંબાપણું. બેઈ., તેઈ. અને ચૌરે.નું રસને.નું જ. આંગુલના અસં.મા ભાગનું. ઉ. પૃથક્ આંગુલ (બે આંગુલથી અનેક આંગુલ), સ્પર્શને.નું ઉત્સેધ આંગુલથી સંપૂર્ણ શરીર પ્રમાણે. તેઈ. અને ચૌરે.નું ઘ્રાણે.નું અને ચૌરે.નું ચક્ષુઈન્દ્રિયનું જ. ઉ. આંગુલના અસં.મા ભાગનું.**

૩. આપણે ચરમ નિર્જરાના પુદ્ગલો જોઇ શકીએ? શા માટે? કયા દંડકના જીવો જોઇ શકે?

**જ. આપણે ચરમ નિર્જરાના પુદ્ગલો ન જોઈ શકીએ કારણ કે આપણે વિશિષ્ટ અવધિજ્ઞાન રહિત છે. મનુષ્ય અને વૈમાનિક બે દંડકના જીવો ચરમ નિર્જરાના પુદ્ગલો જોઈ શકે.**

૪. ૫ ઈન્દ્રિયના દ્વારની ગાથા લખો.

**જ. સંઠાણં, બાહુલ્લં, પોહત્તં, કઈપએસ, ઓગાઢે ।**
**અપ્પબહુ, પુટ્ઠ, પવિટ્ઠે, વિસય, અણગાર, આહારે ॥**

૫. ધનેડા, અશાલિયો, કરોળિયા, આણતનો ઘ્રાણેન્દ્રિયનો ઉત્કૃષ્ટ વિષય લખો.

**જ. ધનેડા – ૧૦૦ ધનુષ, અશાલિયો – ૪૦૦ ધનુષ, કરોળિયા – ૨૦૦ ધનુષ, આણત – ૯ યોજન.**

**પ્ર. ૧૦ માર્ગણા સમજણ સહિત લખો. (કોઠો બનાવીને લખો.)**

**જ.**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | સમજૂતી | કુલ ભેદ |
|---|---|---|---|---|---|---|
| ૧. ઊર્ધ્વલોક એકાંત મિથ્યાત્વીમાં | ૦ | ૨૮ | ૦ | ૬ | ૨૨ એકેન્દ્રિયમાં બાદર તેઉના બે ભેદ વર્જીને ૨૦, ૩ વિકલેન્દ્રિય અને ૫ અસંજ્ઞી તિર્યંચ પંચે. એ ૮ ના અપર્યા. એ ૨૮ અને ૩ કિલ્વિષીના અપર્યા. અને પર્યા. એમ ૬ | ૩૪ |
| ૨. ઊર્ધ્વલોક અણાહારકમાં | ૦ | ૨૩ | ૦ | ૩૮ | ૨૪ અપર્યા.માંથી બાદર તેઉના અપર્યા. વર્જી ૨૩ અપર્યા. અને ૩૮ દેવના અપર્યા. | ૬૧ |
| ૩. ઊર્ધ્વલોક શુક્લલેશીમાં | ૦ | ૧૦ | ૦ | ૪૪ | ૫ સંજ્ઞી તિર્યંચ પંચે. અને ૬ થી ૧૨ દેવલોક, ત્રીજું કિલ્વિષી, ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર વિમાન એ ૨૭ ના અપર્યા. અને પર્યા. | ૫૪ |
| ૪. ઊર્ધ્વલોક મનયોગીમાં | ૦ | ૫ | ૦ | ૩૮ | ૫ સંજ્ઞી તિર્યંચ પંચે. અને ૩૮ વૈમાનિકના એ ૪૩ ના પર્યા. | ૪૩ |
| ૫. ઊર્ધ્વલોક બાદર શાશ્વતામાં | ૦ | ૩૧ | ૦ | ૩૮ | ૪૮ માંથી ૧૦ સૂક્ષ્મ, ૫ સંજ્ઞી તિર્યંચ પંચે. અપર્યા., ૨ બાદર તેઉના એ ૧૭ વર્જીને, ૩૮ વૈમાનિકના પર્યા. | ૬૯ |

**જય જિનેન્દ્ર**